કેન્દ્ર સરકારની "પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના"
ના "પર ડ્રોપ મોર ક્રોપ" ની માર્ગદર્શિકા મુજબના
સૂક્ષ્મ સિંચાઇ ઘટક માટે ૭ (સાત) વર્ષ બાદ પુન:
મળવા પાત્ર સબસીડીના ધોરણો બાબત.

ગુજરાત સરકાર,
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
ઠરાવ ક્રમાંકઃપરચ/૧૦૨૦૦૫/૪૯૭(૩૮)પાર્ટ-૪/CSS ફંડ(પાર્ટ ફાઇલ)/ન
સચિવાલય, ગાંધીનગર
તા. ૧૮/૦૯/૨૦૧૮

વંચાણે લીધા:-

1. નર્મદા,જ.સં.,પા.પુ.અને ક.વિભાગનો ઠરાવ:પરચ/૧૦૨૦૦૫/૪૯૭/ન. તા.૦૯/૦૫/૨૦૦૫.
2. નર્મદા,જ.સં.,પા.પુ.અને ક.વિભાગનો ઠરાવ;પરચ/૧૦૨૦૦૫/૪૯૭/ન. તા.૩૧/૦૩/૨૦૦૮.
3. નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના સરખા ક્રમાંકના ઠરાવ: પરચ/૧૦૨૦૦૫/૪૯૭(૩૮)-પાર્ટ-૩-ન. તા.૦૩/૦૪/૨૦૧૨
4. નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના સરખા ક્રમાંકના ઠરાવ પરચ/૧૦૨૦૦૫/૪૯૭(૩૮)-પાર્ટ-૨-ન. તા.૦૩/૦૧/૨૦૧૫
5. નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના સરખા ક્રમાંકના ઠરાવ પરચ/૧૦૨૦૦૫/૪૯૭(૩૮)-પાર્ટ-૨-ન તા.૧૯/૦૩/૨૦૧૫
6. નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના સરખા ક્રમાંકના ઠરાવ પરચ/૧૦૨૦૦૫/૪૯૭(૩૮)-પાર્ટ-૫-ન તા.૦૩/૦૪/૨૦૧૭, અને સુધારા ઠરાવ તા.૦૪/૦૫/૨૦૧૭.

આમુખ:-

સમગ્ર રાજયમાં સુક્ષ્મ સિંચાઇ / ટપક / ફુવારા / રેઇનગન્સ / પોરસપાઇપ/ (Micro Irrigation / Drip / Spnnkler / Rainguns / Porous pipes) પધ્ધતિના સરળ અને એકસમાન અમલીકરણ થઇ શકે તે માટે તથા તેનો લાભ વધુ ને વધુ ખેડૂતોને સહેલાઇથી મળી શકે તે માટે એક સંકલીત યોજના નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના તા.૦૯/૦૫/૨૦૦૫ના ઠરાવથી અમલમાં મુકાયેલ છે. ઉકત યોજના અનુસાર તા.૩૧/૦૩/૨૦૦૮, તા.૦૩/૦૪/૨૦૧૨, તા.૦૩/૦૧/૨૦૧૫, તા.૧૯/૦૩/૨૦૧૫, તા.૦૩/૦૪/૨૦૧૭ અને તા.૦૪/૦૫/૨૦૧૭ ના ઠરાવથી નક્કી થયા મુજબ રાજયમા સુક્ષ્મ સિંચાઇ પધ્ધતિ અપનાવતા ખેડૂતોને કુલ સૂક્ષ્મ સિંચાઇ પધ્ધતિના એકમ ખર્ચ અન્વયે રાજય સરકારની સબસીડી સહાયના ધોરણો નકકી કરવામાં આવેલ છે.

ખેડૂતે અગાઉ જે જમીન પર સૂક્ષ્મ સિંચાઇ પદ્ધતિ માટે સરકારશ્રીની સબસિડી મેળવી હોય એ જ જમીન પર ફરીથી સૂક્ષ્મ સિંચાઇ પદ્ધતિ અપનાવવા ઇચ્છતા હોય તેવા ખેડૂતો તે વિસ્તાર માટે, પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજનાની માર્ગદર્શિકા પ્રમાણે સાત વર્ષે પુન: સબસિડી મેળવવા માટે હકદાર બને છે.

ઠરાવ :

સરકારશ્રી ધ્વારા પુખ્ત વિચારણાના અંતે રાજયમાં સુક્ષ્મ સિંચાઇ યોજના અંતર્ગત અગાઉ સરકારશ્રીની સહાય મેળવેલ હોય અને ફરીથી ૭ વર્ષે એજ જમીન પર પુન: સૂક્ષ્મ સિંચાઇ પદ્ધતિ વસાવે એવા કિસ્સામાં સબસિડીના ધોરણો પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજનાના પર ડ્રોપ મોર ક્રોપ સૂક્ષ્મ સિંચાઇ હેઠળ જે હાલમાં પ્રવર્તમાન છે તે લાગુ કરવાનું ઠરાવવામાં આવેલ છે જે નીચે મુજબ છે.

1. અગાઉ આ યોજનાનો લાભ લીધેલ હોય તેવા ખેડૂતો એજ જમીન પર સાત વર્ષ બાદ પુન: સૂક્ષ્મ સિંચાઇ પધ્ધતિ વસાવી શકશે અને પુન:સબસીડી મેળવવા નો લાભ મેળવી શકશે.

2. પુનઃ સબસિડી મેળવતા દરેક વર્ગના ખેડૂતોને પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજનામાં સબસિડીના ધોરણો પ્રમાણે એટલેકે, નાના અને સિમાંત ખેડૂતોને સૂક્ષ્મ સિંચાઇ પધ્ધતિના એકમ ખર્ચના ૫૫ % અને અન્ય ખેડૂતોને ૪૫ % સબસિડી મળવાપાત્ર થશે અને ભવિષ્યમાં કેન્દ્ર સરકારશ્રી દ્વારા જે કાઇ ફેરફાર થશે એ મુજબ અમલ કરવાનો રહેશે.

3. સૂક્ષ્મ સિંચાઇ ગોઠવવાના વિસ્તારની મર્યાદા પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજનાની માર્ગ દર્શિકા પ્રમાણે રહેશે, જ્યારે અન્ય નીતિ નિયમો હાલમાં અમલી સૂક્ષ્મ સિંચાઇ યોજનાના રાજ્ય સરકારશ્રીના પ્રવર્તમાન ધારા ધોરણો મુજબ જ રહેશે.

4. ખેડૂતોને પુનઃ સબસિડી માટેનાં ખર્ચની રકમ સરકારશ્રી દ્વારા સૂક્ષ્મ સિંચાઇ યોજના માટે જે તે વર્ષે મંજૂર કરવામાં આવેલ ગ્રાન્ટમાંથી ઉધારવાની રહેશે.

આ ઠરાવની જોગવાઇનો અમલ ઠરાવ પ્રસિધ્ધ થયા તારીખથી કરવાનો રહેશે તથા વંચાણમાં લીધેલ અન્ય ઠરાવોની શરતો યથાવત રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સક્ષમ કક્ષાએથી તા.૧૭/૦૯/૨૦૧૮ના રોજ મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(પી. એસ. પટેલ)
ઉપ સચિવ (નર્મદા)
નર્મદા,જ.સં.,પા.પુ.અને કલ્પ.વિભાગ

<u>નકલ સાદર રવાના પ્રતિઃ-</u>

- માન. મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્ય મંત્રીશ્રી (નાણાં, નર્મદા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (તમામ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.ના મંત્રીશ્રી (તમામ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (તમામ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીઓ (તમામ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીઓ (તમામ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી અને વહિવટી સંચાલકશ્રી, સ.સ.ન.નિ.લિ, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની લી., મુ.ફર્ટીલાઇઝરનગર, જિ.વડોદરા.
- વહિવટી સંચાલકશ્રી, ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની લી., મુ. ફર્ટીલાઇઝરનગર, જિ.વડોદરા.
- સીલેકટ ફાઇલ.